અપીલ અરજી નં.૧૯૯ તા.૨૪–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી પંડયા પ્રફુલચંદ્ર શીવશંકર મહારાજ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પંડયા પ્રફુલચંદ્ર શીવશંકર મહારાજની ત.૩–૮–૦૯ ની અરજીથી વરાછા મેઈન રોડ રાજહંસ અનેપેટ્રોલ પંપ વચ્ચે આવેલ રૂબિ ટ્રેડ હાઉસનાં પ્લાન કઈ સાલમાં કેટલા માપ સુધીનો પાસ થયેલ છે. તેના પર ઉભા કરેલ જાહેરાતના બોર્ડ બાબત પરમીશન કયારે આપી? મોબાઈલ ટાવર છે કે કેમ ? તેની પરમીશન કયારે આપી. હાલમાં પ્લાન મુકાયો ત્યારથી કોર્પોરેશનમાં પત્રવ્યવહાર કે મંજુરી માટે અરજીઓ આપેલ હોય તો તેનો ઠરાવની નકલો મુકવામાં આવેલ હોય તો કોપી, ત્યાર બાદ કોઈ સુધારા વધારા માંગેલ હોય અને મંજુર કર્યા હોય તે અંગેની કોપી, જાહેરાતના હોર્ડિંગ બોર્ડ કે મોબાઈલ ટાવર માટે માંગેલ પરમીશન અરજી અને તે સાથે ઠરાવની નકલનીકોપી તે મંજુર કરી પરમીશન આપી કે ન આપી ને વિગતની પત્રની કોપીઓ આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૪–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૯૯/૨૦૦૯–૧૦

શ્રી પંડયા પ્રફુલચંદ્ર શીવશંકર મહારાજની તા.૩–૮–૦૯ ની અરજીથી વરાછા મેઈન રોડ રાજહંસ અનેપેટ્રોલ પંપ વચ્ચે આવેલ રૂબિ ટ્રેડ હાઉસનાં પ્લાન કઈ સાલમાં કેટલા માપ સુધીનો પાસ થયેલ છે. તેના પર ઉભા કરેલ જાહેરાતના બોર્ડ બાબત પરમીશન કયારે આપી? મોબાઈલ ટાવર છે કે કેમ ? તેની પરમીશન કયારે આપી. હાલમાં પ્લાન મુકાયો ત્યારથી કોર્પોરેશનમાં પત્રવ્યવહાર કે મંજુરી માટે અરજીઓ આપેલ હોય તો તેનો ઠરાવની નકલો મુકવામાં આવેલ હોય તો કોપી, ત્યાર બાદ કોઈ સુધારા વધારા માંગેલ હોય અને મંજુર કર્યા હોય તે અંગેની કોપી, જાહેરાતના હોર્ડિંગ બોર્ડ કે મોબાઈલ ટાવર માટે માંગેલ પરમીશન અરજી અને તે સાથે ઠરાવની નકલની કોપી તે મંજુર કરી પરમીશન આપી કે ન આપી ને વિગતની પત્રની કોપીઓ આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૯૧ તા.૨૮–૮–૦૯થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૨૪ તા.૩–૧૦–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને આજ દિન સુધી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૩–૮–૦૯ ની અરજીથી ઉપરોકત વિગતે જણાવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૯૧ તા.૨૮–૮–૦૯ થી દફતરી ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં ટ્રેડહાઉસના મંજુર પ્લાન અન્વયે કોઈ માહિતી ઉપલબ્ધ ન હોય માંગ્યા મુજબ પ્લાન તથા પરમીશનની નકલ આપવાનો પ્રશ્ન રહેતો નથી તથા મોબાઈલ ટાવરની પરમીશન બાબતે પણ કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી જયારે હોર્ડીગ્સની પરવાનગી આપેલ છે જે પ્રતિ નકલના રૂા.૨/– પ્રમાણે ૨ નકલના રૂા.૪/– ભરપાઈ કર્યે આપવામાં આવશે તેવી માહિતી પાઠવ્યાનું જણાય છે. ત્યાર બાદ અરજદારે તા.૨૪–૯–૦૯ ના રોજ અપીલ અરજી કરી વરાછા મેઈન રોડ ગીતાંજલી પેટ્રોલપંપ પાસે આવેલ " રૂબી ટ્રેડ સેન્ટર" ના બાંધકામના પ્લાન પાસ અને મંજુરી કઈ સાલમાં કેટલા માળનો પ્લાન પાસ કરી બાંધકામની મંજુરી આપવામાં આવી છે ચોથા માળની પરમીશન આપેલ છે? અગર ના તો તે બાંધકામ દુર કરવા કોઈ કાર્યવાહી કરવામાં આવી છે? કયારે? શું? પરિણામ? વિગેરે માહિતી માંગેલ હોવાનું જણાવેલ છે. જે પૈકી કાર્યવાહી અને પરિણામની માહિતી મુળ અરજીમાં સમાવિષ્ટ ન હોઈ અપીલ તબકકે વધારાની કરેલ જણાય છે. જેથી વધારાની માહિતી માટે અપીલનું કારણ ઉત્પન્ન થતું ન હોઈ તેટલા મુદ્દા પૂરતી અપીલ માન્ય ઠરે નહીં. જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી ઉલપબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. પરંતુ તે અંગે કોઈ સંતોષકારક કારણ દર્શાવેલ જણાતું નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉપલબ્ધ ન હોય નહી પૂરી પડાયેલ રૂબી ટ્રેડ સેન્ટરના બાંધકામના પ્લાન પાસ અને ટાવરની પરમીશન બાબતે આરટીઆઈ એકટની કલમ–૪(૧) (સી) અને (ડી) ની જોગવાઈને અનુસરી નિર્દિષ્ટ વિસ્તારના બાંધકામ મંજુરી તથા નિયંત્રણને લગતાં દફતર નિભાવણીની વિગતો પરથી જરૂર જણાયે અરજદારને ઈન્સ્પેકશન પુરું પાડી અરજદારની મુળ અરજીઓના પરિપ્રેક્ષ્યમાં અત્રેની જાણ હેઠળ કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં હકીકતલક્ષી માહિતી પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવે છે.

અરજદાર મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ અલાયદા પ્રશ્નો અંગે અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી. વરાછાઝોન પ્રતિ.... જાણ તથા અમલ માટે
(૨) શ્રી પંડયા પ્રફુલચંદ્ર શીવશંકર મહારાજ